# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

કવટ શાખા, બ્લોક નં. ૧૨, બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.-૩૮૨૦૧૦

સત્યમેવ જયતે

आज़ादी का अमृत महोत्सव

ક્રમાંકઃ કવટ/isc3/વર્ગ-3/NOC/૨૦૫૬૩-૬૫ તા.૨૩/૦૯/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
તોલાણી કોમર્સ કોલેજ, આદિપુર, જિ. કચ્છ

**વિષય:** બિન શૈક્ષણિક વર્ગ-3 ની જગ્યા ભરવા માટે એન.ઓ.સી. આપવા બાબત .

**સંદર્ભ:** ૧.શિ.વિ.નો તા.૧૭/૦૪/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક:ED/KWR/e-file/ 3/2024/2820/kh.
૨.ગ્રાન્ટના મૂળ ઠરાવની તારીખ:૧૫/૧૧/૧૯૮૯ તથા ત્યારબાદના તારીખ:૨૭/૦૬/૧૯૯૬ નાં ઠરાવ અને વખતો વખતનાં ઠરાવની જોગવાઇઓ.

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અંગેના આપની સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ વિગતો આધારે નીચે મુજબની વર્ગ-3ની જગાઓ નીચે જણાવેલ નિયમ શરતોને આધીન સીધી ભરતીથી ભરવા માટે એન.ઓ.સી. આપવામાં આવે છે.

| ક્રમ | મંજુર કરેલ જગ્યાનું નામ | મંજુર કરેલ જગ્યાની સંખ્યા | અનામત કેટેગરી |
|---|---|---|---|
| 1 | કમ્પ્યુટર પ્રોગ્રામર | 1 | OPEN |

શરતો: -

1) સદર એન.ઓ.સી. અનુદાનિત બી.એડ.કોલેજો માટે સરકારશ્રીના તારીખ:૦૮/૦૮/૧૯૮૩ નાં ઠરાવ તથા અનુદાનિત પ્રવાહની વાણિજ્ય,વિજ્ઞાન,વિનયન,લો કોલેજો અને ખાસ સંસ્થાઓ માટેના સંદર્ભ-૨ના ગ્રાન્ટના મૂળ ઠરાવની તારીખ:૧૫/૧૧/૧૯૮૯ તથા ત્યારબાદના તારીખ:૨૭/૦૬/૧૯૯૬ નાં ઠરાવ અને વખતો વખતનાં ઠરાવની જોગવાઇઓને આધીન તેમજ પ્રવર્તમાન ગ્રાન્ટના ધોરણે આધીન રહેશે.તેમંજ આ જગા ઉક્ત ઠરાવોની જોગવાઇઓ મુજબ જ્યાં સુધી વિધ્યાર્થીઓની સંખ્યા જળવાઇ રહે ત્યાં સુધી તથા ભરાયેલ જગ્યા કોઇપણ કારણસર ખાલી ન પડે ત્યાં સુધી અમલમાં રહેશે.

2) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામા આવેલ જગ્યા ભરવા માટે જ આપની કોલેજ કે સંચાલક મંડળ હસ્તકની કોલેજમાં આ જગ્યાના કર્મચારી સરપ્લસ થઇ અન્ય કોલેજમા સમાવ્યા હોય તો તેઓને અગ્રતા આપી ફરજિયાત રિકોલ કરવાના રહેશે.

3) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગા શિક્ષણ વિભાગના તા.૧૭/૦૪/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક:ED/KWR/e-file/ 3/2024/2820/khની શરતોને આધીન આપવામાં આવે છે.

4) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગ્યા મંજુર થયા તારીખથી ૮(આઠ) માસ સુધી ચાલુ રાખી શકાશે. જો આ સમયગાળા દરમિયાન ભરતી પ્રક્રિયા પુર્ણ ન થાય તો આપેલ એન.ઓ.સી. આપોઆપ રદ ગણાશે. એન. ઓ.સી. રીન્યુ કરી આપવામાં આવશે નહી.

5) સદર એન.ઓ.સી. હેઠળ મંજુર કરવામાં આવેલ જગા અન્વયે ભરતી સામાન્ય વહિવટ વિભાગ,નાણા વિભાગ અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જે તે સંવર્ગનાં નક્કી કરેલ પ્રવર્તમાન ભરતી નિયમો અને લાયકાતનાં ધોરણો મુજબ કરવાની રહેશે.

6) શિક્ષણ વિભાગના તારીખ:૦૬/૧૦/૧૯૯૮ ના ઠરાવ ક્રમાક:બમશ/૧૨૯૮/૨૮૫૩૫/ગ. અન્વયે આ કચેરીનાં તારીખ:૦૨/૧૧/૧૯૯૯ પરિપત્ર ક્રમાક:ઉબક/ડીપી/(વ.૨)/ક/૮૯-૯૯/૦૦૮ થી ૪૨૩ ની સુચના મુજબ વરણી સમિતિ એ પસંદ કરેલ ઉમેદવારની નિમણુંકની પૂર્વ મંજુરી આ કચેરીએ થી મેળવ્યા બાદ જ નિમણૂંક હુકમ આપવાનો રહેશે.

7) સીધી ભરતીથી જગ્યા ભરવા માટે શિક્ષણ વિભાગનાં તા:૧૪/૦૩/૧૯૮૯ ના પરિપત્રની જોગવાઈ મુજબ રાજ્ય વ્યાપી પ્રસિધ્ધ દૈનિક વર્તમાનપત્ર અને સ્થાનિક વર્તમાનપત્રમાં જે તે કેટેગરી માટે અનામત રાખી હોય તેનો તેમજ જગ્યાની સંખ્યા અને પગાર ધોરણ નો ઉલ્લેખ કરી નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતાં ઉમેદવારેજ અરજી કરવા સ્પષ્ટ જણાવવાનું રહેશે. એનઓસીની તારીખથી મોડામાં મોડા ૪૫ દિવસમાં રાજ્ય વ્યાપી પ્રસિદ્ધ દૈનિક વર્તમાનપત્ર અને સ્થાનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપવાની રહેશે.

8) પસંદગી સમિતિમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના પ્રતિનિધિ તરીકે આ કચેરીના તારીખ:૦૩/૦૧/૧૯૯૨ ના પરિપત્રમાં અને શિક્ષણ વિભાગના તા.૨૪/૦૧/૨૦૧૯ના સુધારા યાદી ક્રમાંક: કવટ/ISC3/ભરતી/૨૦૧૯/૨૭૯૧-૨૯૭૬થી જણાવ્યા મુજબના આપના જિલ્લા/નજીકના જિલ્લામાં આવેલ સરકારી કોલેજના આચાર્ય/સિનિયર અધ્યાપક/કોલેજ રજીસ્ટ્રારને સરકારી પ્રતિનિધિ તરીકે અવશ્ય બોલાવવાના રહેશે.

9) નિમણુક કરવામાં આવતી જગાની પુર્વ મંજુરીની દરખાસ્તમાં આપેલ જાહેરખબરનાં અસલ દૈનિક પત્રોના આખા પાનાં રજુ કરવાના રહેશે.

10) આ કચેરીની પુર્વમંજુરી/વહીવટી મંજુરી મેળવ્યા બાદ જ નિમણુક આપવાની રહેશે તથા નિમણુંક પામનાર ઉમેદવારની નિમણુંક પાંચ વર્ષ માટે સરકારશ્રીના નાણાં વિભાગના

તારીખ:૨૦/૧૦/૨૦૧૫ ની નિયત કરવામા આવેલ વખતો વખત થયેલ સુધારા ઠરાવોના ધોરણો અનુસાર ફિક્સ પગાર અને ભથ્થાં અનુસાર કરવાની રહેશે.

11) પાંચ વર્ષ દરમ્યાન સરકારશ્રીના નાણાં વિભાગના તારીખ:૨૦/૧૦/૨૦૧૫ થી નિયત કરવામાં આવેલ ધોરણો અનુસાર ફિક્સ પગાર અને ભથ્થાં ઉપર કોઇ જ પ્રકારના વધારાના ભથ્થા મળવા પાત્ર થશે નહી આ ઉપરાંત કોઇપણ પ્રકારનો પગાર વધારો કે ઉજાફો, મોંઘવારી ભથ્થુ,વચ્ચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો, મેડીકલ રીએમ્બર્સમેન્ટ,બોનસ,એલટીસી,રજાનુ રોકડમાં રૂપાંતર,પેશગી કે તેવા અન્ય કોઇ નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહી.પાંચ વર્ષની આ નોકરી દરમ્યાન અવસાનના પ્રસંગે વારસદાર/આશ્રિતને એક્સ્ગ્રેસિયા રકમ કે રહેમરાહે નોકરી કે નાણાકીય સહાય મળી શકશે નહી.

12) પાંચ વર્ષની માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજુર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણુક આપવામા આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ પાંચ વર્ષની નોકરી સેવા વિષય કોઇપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહી તેમજ મંજુર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામા આવશે નહી તથા નિયત પગારમાં સમાવ્યા તારીખે પેન્શન અંગેની જે યોજના અમલમાં હશે તે લાગુ પડશે.

13) જે કોલેજમાં વિધ્યાર્થીઓની સંખ્યા ઘટે અથવા અન્ય કારણોસર કોલેજ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણુંક પામેલ કર્મચારીઓને છુટા કરવામા આવશે અને તેમને ફાજલનું રક્ષણ મળી શકશે નહી.

14) આ જગા હેઠળ નિમણુક પામનારને સમાન સંવર્ગના અધિકારી/કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોઇ તેવી ફરજો બજાવવાની રહેશે તે માટે કચેરીમાં ફરજપાલનનો જે સમય નિયત કરેલ હોઇ તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે તેમજ પ્રાઇવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

15) આ જગા હેઠળ નિમણુંક પામનારને પાંચ વર્ષ દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા, જાહેર રજા અને કોલેજના વેકેશન સિવાયની અન્ય કોઇપણ પ્રકારની રજા મળવા પાત્ર થશે નહી તે સિવાય અન્ય કોઇ રજા ભોગવશે તો રજાનો પગારની કપાત કરવાનો રહેશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે..

16) નિમણુંક પામેલ કર્મચારીની સંતોષકારક કામગીરી કે ગેરશિસ્તના કિસ્સામાં સંચાલક મંડળ દ્વારા સંલગ્ન યુનિ./રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર કાર્યવાહી જે તે કક્ષાએથી જરૂરી મંજુરી/પુર્વ મંજુરી મેળવ્યા બાદ જ કરી શકશે તેમજ આ અંગેની તમામ કાર્યવાહીની જાણ આ કચેરીને અચુક કરવાની રહેશે.

17) પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમણુક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઇ હક્ક પ્રાપ્ત થશે નહી.

18) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તો તે પણ બંધનકર્તા રહેશે.

19) ઉપરોક્ત તમામ શરતો નિમણૂંક પામનાર કર્મચારીને સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્ર મેળવવાનુ રહેશે

20) જે બઢતીની કેડરમાં ફીડર કેડરમાં કર્મચારી ઉપલબ્ધ નથી તેવી સિનિયર કલાર્ક અને હેડ કલાર્કની સીધી ભરતી એક વખતના સામાધાન અન્વયે ખાસ કિસ્સામાં બઢતીની કેડરને સીધી ભરતીથી ભરવાની મંજૂરી મળેલ છે. આથી, સદર જગ્યાઓ માત્ર એકવાર જ સીધી ભરતીથી ભરવાની રહેશે.

21) લેબ આસિસ્ટંટ સંવર્ગની જગ્યાઓ જે વિષયની જગ્યા ખાલી હોય તે વિષયની સ્નાતક કક્ષાની લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવાની રહેશે.

22) ઉક્ત જગ્યાઓ તા.૩૧/૧૨/૨૦૧૫ બાદ ખાલી થયેલ હોય તો જ ભરવાની રહેશે.

**નોંધ ઉપર માન. આયુક્તશ્રીના મળેલ આદેશાનુસાર...**

નાયબ નિયામક (કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

**નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ રવાના:**

- પ્રમુખ/મંત્રીશ્રી, કોલેજ સબંધિત સંચાલક મંડળ
- હુકમ ફાઇલે